## આવતીકાલનો ઉજાસ



હિરલ એમ ભાવસાર
ધોરણ-૮
પ્રેરણા વિદ્યાલય

હિરલ અભ્યાસમાં તેજસ્વી હોવા ઉપરાંત શાળાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહે છે. દરેક બાબતમાં ઉત્સાહી એવી આ વિદ્યાર્થીની ગણિત વિષયમાં સૌથી વધુ રસ ધરાવે છે. આ સાથે જ તે વક્તૃત્વ સ્પર્ધા, ઈકો ક્લબની વિવિધ કામગીરી તથા શાળાકીય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લઈ પોતાની ફરજ બજાવે છે.

સૌને સહકાર આપવાની વૃત્તિ ધરાવતી હિરલ ભવિષ્યમાં ડૉક્ટર બનવાનું સ્વપ્ન સેવી રહી છે.



આકાશ જી ગોહિલ
ધોરણ-૯
પ્રેરણા વિદ્યાલય

આકાશ ભણવામાં અને ઈતર પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહે છે. રમતિયાળ અને સરળ સ્વભાવનો આ વિદ્યાર્થી સૌની સહાય માટે તત્પર રહે છે. ડાન્સ, વક્તૃત્વ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તે ઉત્સાહથી ભાગ લે છે.

# ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ ચિલોડા ખાતે નૅશનલ રાઉન્ડર્સ ચૅમ્પીયનશીપ સંપન્ન

ગાંધીનગર, તા. ૧

રાઉન્ડર્સ ઍસોસિએશન ઑફ ગુજરાત દ્વારા તા. ૨૮-૨૯ એપ્રિલના રોજ લૅન્ડમાર્ક સ્કૂલ ચિલોડા ખાતે પ્રથમ જુનિયર રાઉન્ડર્સ ચૅમ્પીયનશીપ યોજાઈ હતી. આ સ્પર્ધામાં જુદા જુદા રાજ્યોમાંથી આવેલા ૪૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

સ્પર્ધામાં ગુજરાત અને મહારાષ્ટ્રના ખેલાડીઓએ ઉત્તમ દેખાવ કર્યો હતો. ભાઈઓની ફાઈનલ મેચ ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે રમાઈ હતી, જેમાં ગુજરાતે મહારાષ્ટ્રને બે રનથી હરાવી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ગુજરાત-બી ટીમે વિદર્ભ ટીમને એક રનથી હરાવી ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

બહેનોની ફાઈનલ મેચ ગુજરાત અને ગુજરાત-બી ટીમ વચ્ચે રમાઈ હતી, જેમાં ગુજરાત-બી ટીમે ૪૨ રનથી જીત મેળવી હતી. મહારાષ્ટ્ર અને ગોવા વચ્ચે રમાયેલી મેચમાં મહારાષ્ટ્રે ગોવાને બે રનથી હરાવી ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહમાં ઓમ લૅન્ડમાર્ક સ્કૂલના ટ્રસ્ટી ગિરીશભાઈ રાવલ, રાઉન્ડર્સ ઍસોસિએશન ઑફ ઈન્ડિયાના મંત્રી અશોક દુધારે, ઍસોસિએશનના ગુજરાત પ્રમુખ પરેશ પટેલ, મંત્રી દિવ્યેશ ગોહેલ, ચેરમેન ધર્મેશ પરમાર તથા ઓમ લૅન્ડમાર્ક ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના આચાર્ય સુદિપ ગોયલે ઉપસ્થિત રહી વિજેતાઓને મૅડલ અને ટ્રૉફીથી સન્માનિત કર્યા હતા. આ સમગ્ર સ્પર્ધાના આયોજનમાં ભરત સોલંકી, મનીષભાઈ, મંથનભાઈ, હાર્દિક પરીખ, નિર્મિત જોષી અને કીર્તિ પ્રજાપતિએ ભારે જહેમત ઊઠાવી હતી.

# ગુજકેટનું પરિણામ હવે ૧૦મી મેના રોજ જાહેર થાય તેવી વકી

## વાલીઓએ કરેલી રજૂઆતના પગલે વિદ્યાર્થીઓના હિતમાં બોર્ડે નિર્ણય લીધો

અમદાવાદ, તા.૦૧

ગુજરાતભરમાંથી વાલીઓ તરફથી મળેલી રજૂઆતને પગલે શિક્ષણ બોર્ડ ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ (ગુજકેટ)નું પરિણામ તા-ઉજીમેના બદલે હવે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામની સાથે ૧૦મી મેના રોજ જાહેર કરવામાં આવશે એવા સમાચાર પ્રાપ્ત થયા છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પમી એપ્રિલના રોજ લેવાયેલ ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ)ની પરીક્ષામાં આશરે ૧,૧૩,૧૩૩ વિદ્યાર્થઓ બેઠા હતા. બોર્ડ દ્વારા અગાઉ પરિણામની જાહેર કરાયેલી તારીખોમાં ગુજકેટના પરિણામની તારીખ ઉજીમે દર્શાવાઇ હતી.

અગાઉ જાહેર થયેલી પરિણામની તારીખને ધ્યાનમાં રાખી બોર્ડ દ્વારા ઉતરવહીઓના મૂલ્યાંકનનું કાર્ય સમયસર પૂર્ણ કરવામાં આવ્યું હતું. દરમિયાન બોર્ડને કેટલાક વાલીઓ તરફથી એવી રજૂઆત મળી હતી કે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ અલગ-અલગ જાહેર થવાથી વિદ્યાથીઓનો માનસિક તણાવ વધવાની શકયતા છે. માટે ગુજકેટનું પરિણિામ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ સાથે જાહેર કરાય એ ઈચ્છનીય છે.

વાલીઓની આ વિનંતી બોર્ડને વ્યાજબી લાગી અને એ કારણે પરિણામની તારીખ બદલવામાં આવી છે એવા બિનસત્તાવાર સમાચાર પ્રાપ્ત થયા છે. આ કારણે બોર્ડ ગુજકેટના પરિણામની તારીખમાં ફેરબદલ કરી તા.૧૦મી મેના રોજ જાહેર કરવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

# મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા સૅ-૨૧ ખાતે ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનો આરંભ



ગાંધીનગર, તા. ૧

મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા સૅ-૨૧ ખાતે ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનો આરંભ કરવામાં આવ્યો છે.

ટુર્નામેન્ટના પ્રારંભે આજે ટીમના ખેલાડીઓએ ખેલદિલીની ભાવના, શિસ્તબદ્ધ જીવન, સંઘ ભાવના કેળવવાના શપથ લીધા હતા. માઉન્ટ કાર્મેલ શાળાના ગ્રાઉન્ડ પર સિસ્ટર વેરોનીકા સ્ટેડિયમ ખાતે યોજાઈ રહેલી આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગાંધીનગર શહેર-ગ્રામ્ય વિસ્તારની આઠ ટીમો વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ રહી છે.

આજે ટુર્નામેન્ટના પ્રથમ દિવસે રોયલ ઈલેવન અને સ્ટ્રાઈકર ઈલેવન વચ્ચે મેચ યોજાઈ હતી. ટૉસ જીતીને રોયલ ઈલેવને ફિલ્ડીંગ પસંદ કરી હતી. સ્ટ્રાઈકર ઈલેવને ૯ ઓવરમાં ૫૧ રન કરીને ઓલ આઉટ થઈ ગઈ હતી. એના જવાબમાં રોયલ ઈલેવને ૯.૨ ઓવરમાં ૮ વિકેટના ભોગે ૫૬ રન કરીને મેચ જીતી લીધી હતી.

બીજી મેચ ચેમ્પ્સ ઈલેવન અને ડેડલી ઈલેવન વચ્ચે યોજાઈ હતી. ટોસ જીતીને ડેડલી ઈલેવને પ્રથમ બેટીંગ લીધી હતી. ૧૧ ઓવરમાં ડેડલી ઈલેવને ૯૨ રન કર્યા હતા, તેના જવાબમાં ચેમ્પ્સ ટીમે માત્ર ૯ ઓવરમાં ૩ જ વિકેટના ભોગે ૯૫ રન ફટકારીને ભવ્ય વિજય મેળવ્યો હતો. કેપ્ટન યશ મહેતાએ માત્ર ૩૧ બૉલમાં અણનમ ૪૭ રન કર્યા હતા.

ત્રીજી મેચ સ્ટ્રીટ લેજેન્ડ્સ અને સ્ટ્રાઈકર ઈલેવન વચ્ચે રમાઈ હતી. સ્ટ્રીટ લેજેન્ડ્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનું પસંદ કર્યું હતું. સ્ટ્રાઈકર ઈલેવને ૮ ઓવરની આ મેચમાં ૭ વિકેટના ભોગે ૬૫ રન કર્યા હતા. અત્યંત રસાકસીભરી આ મેચમાં સ્ટ્રીટ લેજેન્ડ્સની ટીમે આઠ ઓવરમાં ૬ વિકેટના ભોગે ૬૩ રન કર્યા હતા. આ મેચમાં સ્ટ્રાઈકર ઈલેવનનો વિજય થયો હતો.

દરરોજ બપોરે ૩ વાગ્યાથી યોજાતી આ ટુર્નામેન્ટ નિહાળવા રસ ધરાવતા નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સંગીત નાટક અકાદમી દ્વારા અપાતા ગૌરવ પુરસ્કાર જોગ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજ્યના સંગીત, નૃત્ય, નાટ્ય અને લોકકલા ક્ષેત્રે વિશિષ્ટ અને ગણનાપાત્ર પ્રદાન કરનાર ગુજરાત રાજ્ય કે રાજ્યની બહાર સ્થાયી થયેલા ગુજરાતના કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. આ ગૌરવ પુરસ્કારમાં રૂા. ૫૧ હજારની રોકડ રકમ, શાલ અને તામ્રપત્ર એનાયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૧-૧૨ માટેના કલાકારોની પસંદગી કરી શકાય તે હેતુથી આવા સન્માનનીય નામાંકિત અને સર્વમાન્ય કલાકારોની અરજીઓ, ભલામણો મેળવવા આ કચેરી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કલાકારનું નામ-સરનામું, ટેલિફોન, મોબાઈલ નંબર, ગૌરવ પુરસ્કાર માટે કલાનું ક્ષેત્ર, જે તે કલાક્ષેત્રમાં કરેલ પ્રદાન વગેરે વિગતો તા. ૩૧મી મે, ૨૦૧૨ પહેલાં ગુજરાત સંગીત નાટક અકાદમી, બ્લૉક નં. ૯, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને મોકલી આપવા જણાવાયું છે.

## યુથ કેમ્પસ - ધ્વનિલ પારેખ

gsrelation@yahoo.com

# શિક્ષણ - અનેક વિરોધોથી સભર ક્ષેત્ર

કૉલેજની થોડી પરીક્ષાઓને બાદ કરતાં મોટે ભાગે તો ઉનાળુ વૅકેશન શરૂ થઈ ગયું છે. ઉનાળુ વૅકેશન એવું એટલા માટે કહેવું પડે છે કે તાપ પણ આકરો થવા માંડ્યો છે. એક બાજુ રજાઓની મજા હોય છે તો વાલીઓમાં એક ચિંતા બીજી પણ ઘર કરી જતી હોય છે. સંતાનોની નવા સત્રની ફી, પાઠ્યપુસ્તકો, યુનિફોર્મ વગેરેનો ખર્ચ. મોંઘવારીએ બધાં ક્ષેત્રોમાં માઝા મૂકી છે એટલે શિક્ષણનું ક્ષેત્ર પણ એમાંથી બાકાત નથી. સ્વનિર્ભર શાળાઓ પર અંકુશ મૂકવાની માત્ર વાતો થાય છે, પણ એમાં કશું નીપજતું નથી. સ્વનિર્ભર શાળાઓ પોતાની મનમાની ફી સુવિધાઓને નામે વસૂલ કરે છે, વાલીઓ એ ફી વધારા સામે ક્યારેક ધમપછાડા કરે છે, ક્યારેક સફળતા મળે છે પણ મોટેભાગે તો વાલીઓએ આખરે સમાધાન જ કરવું પડે છે.

ઉચ્ચ શિક્ષણ પણ દિવસે ને દિવસે મોંઘું થતું જાય છે. ઉચ્ચ શિક્ષણ સંદર્ભે હમણા એક સર્વેક્ષણ બહાર આવ્યું છે. દેશમાં ૨૧ ટકા વિદ્યાર્થીઓ એવા છે કે જેઓ ઉચ્ચ શિક્ષણની જે તે કૉલેજ કે યુનિવર્સિટીની ફી ભરવાની ક્ષમતા ધરાવતા નથી. પરિણામે ઉચ્ચ શિક્ષણથી વંચિત રહે છે. આ સ્થિતિ શિક્ષણ માટે ચિંતાજનક છે. એ ૨૧ ટકા વિદ્યાર્થીઓમાંથી કેટલાયે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ હશે કે જેઓ માત્ર ઉચ્ચ શિક્ષણ મોંઘું હોવાને કારણે અભ્યાસથી વંચિત રહ્યા હોય ! બીજી બાજુ સ્થિતિ એ પણ છે કે શ્રીમંત વર્ગના નબીરાઓ કે જેમને શિક્ષણ સાથે કશી લેવા-દેવા નથી એ લોકો ગમે તેટલું મોંઘું શિક્ષણ હોવા છતાં કૉલેજ કૅમ્પસને પિકનીક સ્પૉટ માનીને પ્રવેશ મેળવતા હોય છે. હવે, આ નબીરાઓએ સ્વીકારી જ લીધું છે કે કૅમ્પસ એ પિકનીક સ્પૉટ છે, પછી એમનું વર્તન ઉછાંછળું જ રહેવાનું એમાં આશ્ચર્યની કોઈ વાત નથી. ટૂંકમાં, એક વિરોધ રચાયો છે. પ્રતિભાશાળી વિદ્યાર્થી નાણાકીય અભાવને કારણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકતો નથી અને જેને ભણવું જ નથી, માત્ર ચરી જ ખાવું છે એની પાસે જરૂરિયાત કરતાં વધારે નાણાકીય સગવડ છે.

મુદ્દો ઉચ્ચ શિક્ષણ અને મોંઘવારીનો છે. આ સ્થિતિમાંથી બહાર આવવા



કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર સાથે મળીને યોજના ઘડી કાઢી છે. (કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે મળીને યોજના ઘડે પછી શું થાય ?) પ્રતિભાશાળી વિદ્યાર્થી નાણાકીય અભાવને કારણે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે એ માટે વર્ષમાં ચારેક લાખ વિદ્યાર્થીઓને સ્કૉલરશીપ આપવાની યોજના છે. આ યોજના કાગળનો વાઘ ન બની રહે એવું આપણે ઈચ્છીએ. આ યોજનાનો યોગ્ય રીતે અમલ થાય તો શક્ય છે, જરૂરિયાતમંદ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ પામી શકે. શિક્ષણનું ક્ષેત્ર એ સૌથી વધુ પવિત્ર હોવું જોઈએ. કૉલેજ કૅમ્પસ કે સ્કૂલ કૅમ્પસ એ મંદિર જેટલું જ પવિત્ર સ્થાન હોવું જોઈએ. (આજે તો મંદિરો પણ ક્યાં પવિત્ર રહ્યાં છે !) પવિત્રતાનો ખ્યાલ એક સંસ્કાર છે પણ પરિસ્થિતિ એ સંસ્કારથ વિપરીત છે. શિક્ષણધામ એટલું માત્ર નામાભિધાન કરવાથી બધું પૂરું થઈ જતું નથી. આજે તો આ બધાં ધામો હાટડીમાં ફેરવાઈ ગયાં છે. એક વાર દુકાન ખુલી ગયા પછી એમાં ભાવ સતત વધતો જ હોય છે, ક્યારેય ઘટતો નથી. એમ જ ઉચ્ચ શિક્ષણ મોંઘું થતું જાય છે. કારણ કે આપણે દુકાન ખોલી બેઠા છીએ.

આદર્શ વાત તો એ છે કે આખીયે શિક્ષણ વ્યવસ્થા એવી હોવી જોઈએ કે વિદ્યાર્થીને પોતાની રીતે અભ્યાસ કરવાની અનુકૂળતા મળી રહે. શિક્ષણ અને મોંઘવારી આ બંને શબ્દો પણ એકબીજાના વિરોધી નથી લાગતા ? જાણે એવું લાગે છે કે શિક્ષણનું ક્ષેત્ર અનેક વિરોધોથી સભર છે. શિક્ષણનું ક્ષેત્ર સભર સભર બને પણ આવા વિરોધોથી નહીં, પણ વિદ્યાર્થીઓની અનુકૂળતાથી. બાકી, આપણે પ્રતીક્ષા કરીએ કે સ્કૉલરશીપવાળો યોગ્ય રીતે અમલી બને.

# ઝાંસીની રાણી વિદ્યાલયને સૅ-૨૭ની મહારાણા પ્રતાપ વિદ્યાલયમાં મર્જ કરવા બાબતે વસાહતીઓની નારાજગી

ગાંધીનગર, તા.૧

સરકાર દ્વારા તાજેતરમાં સેક્ટર-૨૯ ખાતે આવેલી ઝાંસીની રાણી વિદ્યાલયને સેક્ટર-૨૭ની મહારાણા પ્રતાપ વિદ્યાલયમાં મર્જ કરવાના હુકમો કરવામાં આવ્યા છે. શાળાના રેકર્ડ ખસેડી સેક્ટર-૨૭ની મહારાણા પ્રતાપ વિદ્યાલયમાં કામગીરી સરૂ કરવા સૂચના આપવામાં આવી છે. જેની સામે સ્થાનિક વસાહતીઓએ નમ્ર અરજ સાથે વાસ્તવિક સ્થિતિ જાણી પછી આ ગંભીર નિર્ણય લેવા જણાવ્યું છે. કેમ કે પૂરતી સુવિધાઓ, યોગ્ય કર્મચારી ગણ અને જરુરી વિદ્યાર્થીઓની સંખ્યા હોવા છતાં આવો નિર્ણય શા માટે લેવાયો તે સૌ જાણવા મથી રહ્યા છે!

શાળામાં હાલમાં ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. વાસણીયા, આદિવાડા, લેકાવાડા, બોરીજ, પાલજ, આલમપુર, પેથાપુર, જીઈબી ચરેડી વગેરે ગામોમાંથી એસ.ટી. મારફતે જરૂરીયાતમંદ અને ગરીબ બાળકો વિદ્યાભ્યાસ માટે આવે છે. સેક્ટર-૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૮, ૨૯, ૩૦ ના ગરીબ બાળકો પણ અહીં ભણે છે. તેમના માટે આ શાળા સગવડરૂપ છે. સેક્ટર-૨૭ની શાળા 'ઘ' રોડથી બે કિ.મી. અંદર આવેલી છે. ત્યાંથી બાળકોએ શિયાળા, ઉનાળા અને ચોમાસાની સીઝનમાં રોજના અર્ધો કલાક ચાલીને આવવું પડે તેમ છે. રિક્ષા મારફતે આવવું વિદ્યાર્થીઓને મોંઘુ પડે તેમ છે. આ બાળકોના વાલીઓ એવા છે કે જે સ્કૂલની ફી માંડ માંડ ભરી શકતા હોય તો આવો વધારાનો નાણાંકીય બોજ કેમ કરી શહન કરી શકશે તે વિચાર માગી લે તેવો પ્રશ્ન છે.

શાળામાં હાયર સેકન્ડરીમાં ૨૫૦ વિદ્યાર્થીઓ અને માધ્યમિક વિભાગમાં ધોરણ નવ અને દસના લગભગ ૧૫૦ થી ૨૦૦ ગરીબ માતા-પિતાના સંતાનો અભ્યાસ કરી રહ્યા છે. શાળા સે-૨૭માં મર્જ થવાથી તેમની મુશ્કેલીઓમાં વધારો થવા સિવાય કોઈ ફાયદો નથી. સે-૨૯ની શાળા તમામ સુવિધાઓથી સુસજ્જ છે. શાળામાં પૂરતા શિક્ષકો છે. બિન શૈક્ષણિક સ્ટાફ પણ પુરતો છે. પીવાના પાણીની સુવિધા, રમત ગમત માટે વિશાળ મેદાન, અવર જવર માટે ઘ રોટ ટચ બસ સ્ટેન્ડ વિગેરે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે.

શાળાના તમામ શિક્ષકો તમામ બાળકો પર અંગત ધ્યાન આપી અભ્યાસ કરાવે છે. અને શાળાનું બોર્ડનું છેલ્લું ચાર પાંચ વર્ષનું પરિણામ ૬૦ થી ૭૦ ટકા આવે છે. એટલે નબળા પરિણામ કે સંખ્યાના અભાવે શાળા મર્જ કરવાનું કોઈ કારણ નથી.

સે-૨૯ની શાળા ગાંધીનગરની સ્થાપના સમયની જૂની અને પ્રતિષ્ઠિત શાળાઓમાંની એક છે તેમ છતાં સરકાર સામે એવી તે કઈ મુશ્કેલીઓ આવી કે જેથી શાળા મર્જ કરવાનો ગંભીર નિર્ણય લેવા મજબુર થવું પડયું તે કળવું મુશ્કેલ બન્યું છે. શાળા મર્જ કરતા પહેલાં સ્થાનિક વસાહતીઓ, અગ્રણીઓ, વાલી મંડળ, શાળા આચાર્ય વિગેરેનો અભિપ્રાય લેવામાં આવ્યો હોત તો સરકારને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવત અને આવો આકરો નિર્ણય કરવો ન પડત. વસાહતીઓની નમ્ર અરજ છે કે આ બાબતે અમને રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવે અને શાળાના આચાર્ય, મંડળના આગેવાનો, વાલીઓ અન જરૂર જણાય તો જિલ્લા શિક્ષણાધિકારીનો અભિપ્રાય લેવામાં આવે ત્યાં સુધી શાળા સ્થળાંતર કરવાનો નિર્ણય મોકુફ રાખવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવા વિનંતી કરી છે.

# ભૃગુને તપ સાધનામાં બ્રહ્મ અંગેનું પ્રાથમિક દર્શન અન્ન સ્વરૂપે થયું

તૈતરિય ઉપનિષદ ભૃગુવલ્લીનું આ સૂત્ર છે. વરુણપુત્ર ભૃગુને બ્રહ્મને જાણવાની જિજ્ઞાસા થઈ. વરુણે પુત્રને સ્વજાતે તપ કરી બ્રહ્મ શું છે તે જાણવા કહ્યું. તે પ્રમાણે પ્રયત્ન કરતાં ભૃગુને જે જ્ઞાન થયું તે આ સૂત્રમાં વ્યક્ત થયું છે. તે કહે છે, 'અન્નં બ્રહ્મેતિ વ્યજાનાત' અર્થાત અન્ન જ બ્રહ્મ છે તે મેં જાણ્યું છે. ભૃગુને પોતાની તપ સાધનામાં બ્રહ્મ અંગેનું પ્રાથમિક દર્શન અન્ન સ્વરૂપે થયું. 'અન્નની નિંદા ન કરાય.'

આપણે ત્યાં અભ્યાસના અભાવે કેટલીક ખોટી માન્યતા સ્થાયી થઈ ગઈ છે. ઉપનિષદોમાં આત્મા-પરમાત્માની જ ચર્ચા છે એ આવી જ એક ખોટી માન્યતા છે. ઉપનિષદના ઋષિઓ જીવનના તમામ પાસાઓ અંગે સજાગ છે. વ્યવહાર જગતને ઉપયોગી કેટલાંય સૂત્રો આપણને ઉપનિષદમાં જોવા મળે છે. ઉપનિષદો તો જીવનના વિવિધ વિભાગોને સ્પર્શતા વિષયોની માર્મિક છણાવટ કરતા વૈજ્ઞાનિક ગ્રંથો જ છે.



આ સૂત્રમાં ભૃગુએ અન્ન વિશે વિશિષ્ટ છણાવટ કરી છે. 'અન્નં ભૂતાનાં શ્રેષ્ઠં.' અન્ન સર્વથી શ્રેષ્ઠ છે, એવું શ્રૃતિ વચન છે તો અન્નની મહત્તા ગાતાં સુદામા પત્ની કહે છે, 'અન્ને ઊભો સકલ સંસાર.' અન્ન વડે પ્રાણીઓ જીવિત રહે છે. જીવનનો મુખ્ય આધાર અન્ન છે. અન્ન જેવી શક્તિ અન્ય કોઈ પદાર્થ પૂરી પાડતો નથી. ગમે તેવા જ્ઞાનીને પણ સમયસર ભોજન લેવું પડે છે. પ્રાણને ટકાવનાર અન્ને ઋષિ બ્રહ્મની કક્ષાએ સ્થાપે છે. જેમ ચૈતન્ય - બ્રહ્મ જગતનો આધાર છે તેમ અન્નબ્રહ્મ જીવનમાત્રનો આધાર છે.

અન્ન અંગેની ઋષિની વિચારણા મૌલિક છે. આ એક માર્મિક જીવન દર્શન છે. લોક વ્યવહાર ને વાણીમાં અન્નને દેવ જ માનવામાં આવે છે. ચાણક્ય નીતિમાં જણાવાયું છે કે, 'અગ્નિ, બ્રાહ્મણ, અન્ન તથા ગુરુ આ ચારનો ક્યારેય પગ વડે સ્પર્શ ન કરવો.' આજે પણ આપણાં રસોડામાં પગરખાં પહેરીને જવાની મનાઈ છે. સૌરાષ્ટ્રમાં તો દરબારો જમવા બેસે ત્યારે પોતે આસન પર બેસે ને અન્નને બાજોઠ પર મૂકે તેવી પ્રથા છે.

## સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ


અન્નને સ્થૂળ કક્ષાએથી ઉપાડી બ્રહ્મ કક્ષાએ મૂકવું એ મોટી વિચારક્રાંતિ છે. અન્ન ધરતીમાંથી ઉત્પન્ન થાય છે અને આપણા શરીરમાં પૃથ્વી તત્વનું પ્રમાણ વધારે હોય છે. પિંડનો અન્ન સાથેનો સંબંધ - જીવના આત્મા સાથેના સંબંધ જેવો છે. અન્ન જ પિંડને બાંધે છે, પુષ્ટ કરે છે, પોષે છે. કઠ ઉપનિષદમાં માનવ પિંડને અન્નના દાણા સાથે સરખાવેલ છે. 'તે ઉત્પન્ન થાય છે, ટકે છે, સડે છે ને ફરી ઉત્પન્ન થાય છે.' સ્થૂળ શરીરને અન્નમય કોષ પણ કહેવામાં આવે છે.

ભોજન આપણા દૈનિક જીવનમાં અગત્યનું કર્મ છે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ પ્રમાણે ભોજન શાંત અને પવિત્ર જગ્યાએ મૌન રહી ગ્રહણ કરવું જોઈએ. પ્રસન્નતાપૂર્વક ભોજન લેવામાં વધારે ફાયદો થાય છે. ભોજન કરવું એ તો યજ્ઞમાં આહૂતિ આપવા જેવું પવિત્ર કર્મ છે. પ્રદિપ્ત જઠરાગ્નિ અન્નની આહૂતિથી શાંત થાય છે. બ્રહ્મને પામવા માટે સતત ઉપાસના જેમ કરવી પડે તેમ અન્નબ્રહ્મને પામવા કેટલાક વ્રતોનો ઋષિઓ ઉલ્લેખ કરે છે.

પ્રથમ વ્રત છે : 'અન્નં ન નિન્દ્યેતા.' અન્નની ક્યારેય નિંદા ન કરવી. આપણે પરમાત્માની નિંદા નથી કરતા તો પછી જે જીવનમાં શક્તિ અને બળ પૂરું પાડે છે તે અન્નની નિંદા કેમ થાય ? એ તો પ્રાણદાયક તથા પ્રાણધારક છે. તેની પ્રાર્થના થાય, નિંદા ન થાય. બીજું વ્રત મહત્ત્વનું છે : 'અન્નં ન પરિયક્ષિત' અર્થાત્ અન્નનું અપમાન ક કરવું. આ મોટી વાત છે. ઘણા લોકો જમતાં જમતાં ભોજનને વખોડે છે. ઘણીવાર 'આ મને નથી ભાવતું, આ શું ધૂળ જેવું રાંધ્યું છે' એવાં વાક્યો સંભળાય છે. આ અન્નનું અપમાન છે. એક વસ્તુ ખાસ યાદ રાખો, તમારી સામે થાળીમાં જે આવે તેને પ્રભુનો પ્રસાદ માની લો. ક્યારેક કદાચ ગૃહિણીથી ભૂલ થઈ જાય. કાચું-કોરું-ખાટું-તીખું રંધાય તો ક્યારેય થાળી ઠેલશો નહીં. જો તમે રોટલાને ધક્કો મારશો તો રોટલો તમને ધક્કાવી દેશે જ. જમતાં પહેલાં પ્રભુને યાદ કરી અન્ન વંદન કરો ને જમ્યા પછી ભગવાનનો આભાર માનો. આનંદપૂર્વક જમશો તો ન ભાવતી વસ્તુ પણ ભાવશે. અન્નને પવિત્ર કરવા રોટલા-રોટલી પર છાંટો ઘી અવશ્ય લેજો. એ અન્ન પવિત્ર કહેવાય. તેનાથી તમારો જઠરાગ્નિ વધારે પ્રદિપ્ત થાય. અન્નના આદર માટે થાળીમાં કશું ઉચ્છિંષ્ટ ન છોડશો. ઘણાને એંઠું છોડવાની ટેવ હોય છે. પતિ-પત્ની માટે એંઠું છોડે છે, તે બરાબર નથી. સ્મૃતિગ્રંથો સ્પષ્ટ કહે છે, 'કોઈનું અજીઠું ન જમવું.' આપણે ત્યાં જૈન સમાજમાં ઉચ્છિંષ્ટ માટે ખાસ બાબત છે. ભોજનને અંતે થાળી ધોઈ યોજનારને ત્યાં પ્રભાવના અપાય છે. સાધુ-સંતો પણ ક્યારેય ઉચ્છિંષ્ટ છોડતા નથી.

બીજા બે વ્રતો સામાન્ય છે. અન્નનું ઉત્પાદન જેમ બને તેમ વધારવું. રાષ્ટ્રમાં કોઈ ભૂખ્યા ન રહે તેટલું ઉત્પાદન થવું જરૂરી ગણ્યું છે. જ્યાં દરિદ્રોની સંખ્યા વધારે હોય તે રાષ્ટ્ર આગળ ન વધી શકે. ભૂખ્યાને જમાડવા, અન્નદાન કરવું એ મોટું પુણ્ય મનાયું છે. આપણા ઘણાખરાં સંતધામોમાં અન્નક્ષેત્ર ચાલતા હોય છે.

ઋષિ ભૃગુની અન્ન અંગેની વિચારણા જીવનલક્ષી છે. આપણે દાણા-પાણી શબ્દને તો જીવનના પર્યાય તરીકે સ્વીકારી લીધો છે. અન્નની બ્રહ્મ તરીકે ઉપાસના એ સ્થૂળ ઉપાસનાય સૂક્ષ્મ તરફ જવાની ઉપાસના છે. અન્નકોષથી આગળ વધતાં આનંદમય કોષ સુધી પહોંચવાની આ પ્રક્રિયા છે. અન્નની નિંદા ન થાય, તેનું અવમાન કે અપમાન ન કરાય. કારણ અન્ન બ્રહ્મની કક્ષાએ છે.



## અન્નની બ્રહ્મ તરીકે ઉપાસના એ સૂક્ષ્મ તરફ જવાની ઉપાસના છે

## અન્નકોષથી આગળ વધતાં આનંદમય કોષ સુધી પહોંચવાની આ પ્રક્રિયા છે